# આવર્તનની પૂર્ણતા તરફ

૧ ડિસેમ્બર, ૨૦૧૮

આત્મીય પાઠકો,

અનંતતાના અપરિમિત વિસ્તારમાં ક્યાંક આ વર્ષનો આરંભ થયો હતો અને એ જ અપરિમિત વિસ્તારમાં તેની સમાપ્તિ થઈ રહી છે. પરંતુ તેની સમાપ્તિ થવી, તેનો વાસ્તવમાં શું અર્થ છે? કદાચ, એવું તો નથી કે તમારો માર્ગ અંગ્રેજી અંક 8 ની આકૃતિની જેમ ફરી ત્યાંથી જ વળાંક લઈ રહ્યો છે, જ્યાં તમને લાગે કે તે સમાપ્ત થઈ રહ્યો છે. તમે શરૂઆત કરી હતી, તેનાથી તમે દૂર છો, તેમછતાં તમે ફરીથી આરંભ તરફ જઈ રહ્યાં છો. તમે શ્રીગુરુમાઈના વર્ષ ૨૦૧૮ ના સંદેશ, ‘સત્સંગ’ના તમારા અભ્યાસથી ઘણું બધું શીખ્યા છો, તેમછતાં જ્યારે પણ તમે અંતરના સંપર્કમાં આવો છો, જ્યારે પણ તમે થોભો છો અને જોડાઓ છો, ત્યારે તમે એ વસ્તુ પર પાછા આવો છો જેને તમે લાંબા સમયથી જાણો છો.

આપણે ડિસેમ્બર મહિનામાં, વર્ષ ૨૦૧૮ના અંતિમ મહિનામાં પહોંચી ગયા છીએ. વિશ્વભરમાં લોકો ક્રિસમસ, હનુક્કા અને શીતઋતુના બીજા તહેવાર ઉજવવાની તૈયારી કરી રહ્યાં છે. આ સમયે એક ખાસ જાદુ હોય છે, તેમાં એક એવું રહસ્ય વ્યાપ્ત છે જેને તેનાથી કોઈ ફરક પડતો નથી કે આપણે શું ઉજવીએ છીએ કે શું નથી ઉજવતાં, શું માનીએ છીએ કે શું નથી માનતાં. શું આ જાદુ માત્ર આપણી સાથે જ થઈ રહ્યો છે કે ગોળ ફરી રહેલી પૃથ્વીમાં જ આ જાદુ છે જેને કારણે વિશ્વના ઠંડા પ્રદેશો બરફથી ઢંકાઈ ગયા છે? શું આ જાદુ માત્ર આપણી સાથે જ થઈ રહ્યો છે કે પછી લોકોનાં પરસ્પર વ્યવહારમાં વધુ પ્રેમ આવી ગયો છે, તેમના કૃત્યમાં સાચી સૌમ્યતા અને સુંદરતા દેખાઈ રહી છે જે ત્યારે જ આવે છે જ્યારે એક વ્યક્તિ બીજી વ્યક્તિને જુએ છે, *સાચે જ જુએ છે?* શું આપણે તેની કલ્પના કરી રહ્યાં છીએ કે તે આપણી લલક છે — એ ન કહેલી વસ્તુની, કદાચ પ્રેમની લલક — જેનો અનુભવ આપણે આ સમયે વધુ તીવ્રતાથી કરી રહ્યાં છે? તે એ પશ્ચિમી પવન જેવો છે, જે આપણી સત્તામાંથી વહી રહ્યો છે અને તેને જ્યાંપણ ખાલી સ્થાન મળે ત્યાં સંગીતના સૂર રેલાવી રહ્યો છે.

ઘણાં વર્ષોથી, ગુરુમાઈજીએ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશનના શિક્ષકો અને વકતાઓને કહ્યું છે કે તેઓ ક્રિસમસના સમયે ભગવાન વિશે પ્રવચન આપે. આ કેટલું સુંદર સૂચન છે અને તે સ્પષ્ટતાથી દર્શાવે છે કે શા માટે આ તહેવારનું આટલું મહત્ત્વ છે. કારણકે તે પ્રેમ, પ્રકાશ, શાંતિના રૂપે પ્રગટ થતી દિવ્યતાનું સામૂહિક સ્મરણ જ છે જે ડિસેમ્બર મહિનામાં વાતાવરણને વિશેષ ચમક પ્રદાન કરે છે. તે શું છે જેને આપણે દયાળુતાનાં કર્મોમાં જોઈએ

છીએ, એ સદ્‌ગુણોની એક અભિવ્યક્તિ જ છે, એ સદ્‌ગુણ જે આપણા બધાંના અંતરમાં જોવા મળે છે, અને એ વાતની અગણિતરૂપે પુષ્ટિ કરે છે કે તે શું છે જે મૂળભૂત રીતે આપણને બધાંને જોડે છે અને આપણને મનુષ્ય બનાવે છે? તે શું છે જેને આપણે લલકના કંપિત અને સ્પષ્ટ સ્વરોમાં સાંભળીએ છીએ તે જોડાવાની માંગ જ તો છે, એની સાથે જોડાવાની, જે સહજતાથી આપણી પહોંચમાં છે?

તેથી, આપણે આ વર્ષનું સમાપન એ જ રીતે કરીશું જે રીતે તેનો આરંભ કર્યો હતો : ભગવાનને યાદ કરીને, દિવ્યતાનું આવાહન કરીને. ૨૦૧૮ના પહેલા દિવસે જ્યારે આપણે શ્રીગુરુમાઈનો સંદેશ પ્રાપ્ત કર્યો હતો ત્યારથી આપણે આપણા પોતાના હૃદયમાં નિહિત પરમ સત્ય સાથે જોડાવાનો, તેને તેનાં વિવિધ રૂપોમાં ઓળખવાનો અને તેને તેનાં અનેક નામના ધ્વનિમાં સાંભળવાનો પ્રયત્ન કરી રહ્યાં છીએ. આપણા પ્રયત્નોને દરેક પગલે શ્રીગુરુમાઈની શિખામણો અને કૃપાનું માર્ગદર્શન મળી રહ્યું છે.

અત્યાર સુધીની આપણી સાધનાને ધ્યાનમાં રાખીને આપણે ડિસેમ્બર મહિનામાં પ્રવેશ કરી શકીએ છીએ. આપણે સમજી શકીએ છીએ કે હા, આ સમયે ભગવાનના સ્મૃતિ-ચિહ્નો વિશેષરૂપે ઉપલબ્ધ છે, અને તે આપણો સજગ પ્રયત્ન છે જે આપણા બોધમાં ભગવાનના પ્રકાશને અત્યંત તેજસ્વિતાથી ચમકવા દે છે. આપણે અત્ર, તત્ર, સર્વત્ર સત્સંગની રચના કરી શકીએ છીએ. આપણે નિરંતર અને અત્યારે પણ પરમ સત્ય વિશે — તે કેવું લાગે છે, તેનો ધ્વનિ કેવો છે, તેના રસના સ્વાદ એટલે કે સત્યરસના સ્વાદ વિશે — વધુ જાણવાનું ચાલુ રાખી શકીએ છીએ.

આખરે, આ એક યાત્રા જ છે જે ચાલતી રહે છે. તેથી જ ગોળાકારમાં ફરતા રહીને પણ એક વ્યક્તિ પ્રગતિ કરી શકે છે; કારણકે વળાંક હોવા છતાં, અનંતતા તો અનંત જ રહે છે. જ્ઞાનેશ્વર મહારાજ કહે છે, ‘‘આત્મપ્રભા નિત્ય નવીન છે.’’[૧] આપણા પ્રયત્નો આપણને વારંવાર એક જ સ્થાન પર લઈ આવે છે, માત્ર એટલા માટે કે આપણે ગહનતાથી વધુ વિસ્મયની, વધુ આનંદની, વધુ પ્રેરણાની ખોજ કરી શકીએ. ટૂંક સમયમાં આ વર્ષનું સમાપન થઈ જશે, પરંતુ સત્સંગના આપણા અભ્યાસનું, આપણી પોતાની સારી સંગતિ સાથે આપણો પરિચય કરાવવાના અભ્યાસનું, આપણી પોતાની સત્તાના પરમ સત્ય પ્રત્યે જાગરૂક થવાના અભ્યાસનું સમાપન વાસ્તવમાં ક્યારેય નહીં થાય.

આ મહિનામાં જ્યારે શીતઋતુના તહેવારો અને પ્રવૃત્તિઓની વ્યસ્તતા આવી રહી છે, ત્યારે સત્સંગની ક્ષણોની રચના કરવા માટે સિદ્ધયોગ પથ વેબસાઇટ તમને મદદ કરશે. તમે વેબસાઇટ પર ‘શ્રીગુરુમાઈ તરફથી વર્ષ ૨૦૧૮ની ક્રિસ્મસ માટે શુભકામનાઓ’ (સીઝન્સ્ ગ્રીટિંગ) પ્રાપ્ત કરીને શરૂઆત કરી શકો છો — અને પછી આ ઉત્કૃષ્ટ શુભકામનાઓને આખા મહિના દરમ્યાન વારંવાર વાંચી શકો છો, નિઃસંદેહ તમે આમ વારંવાર કરવા

ઇચ્છશો. શ્રીગુરુમાઈની આ ભેટમાં રહેલું દરેક ચિત્ર, દરેક શબ્દ, દરેક ચિહ્ન, આકાર અને ધ્વનિ અર્થપૂર્ણ છે. તે શ્રીગુરુમાઈનો પ્રેમ પ્રદાન કરે છે; તે તેમની શિખામણ પ્રગટ કરે છે.

મહિનાના ઉત્તરાર્ધમાં, વેબસાઇટ પર વાર્તાઓ, 'રામ રાઘવ' નામસંકીર્તનનું રેકોર્ડિંગ, શાંતિમંત્રનું વિવરણ અને તેનો ઑડિયો પ્રકાશિત કરવામાં આવશે. વેબસાઇટ પર 'હેપ્પી હૉલિડેઝ્'ની વાર્ષિક ગૅલેરી અને વર્ચ્યુઅલ્ હૉલિડે-ટ્રી [virtual holiday tree] પણ પ્રકાશિત થશે, જેમાં તમે પણ પરસ્પર ભાગ લઈ શકશો અને એ વૃક્ષને એવા આભૂષણોથી શણગારી શકશો જે તમને ગુરુમાઈજીના ૨૦૧૮ના સંદેશનું સ્મરણ કરાવશે.

આ રીતે અને બીજી ઘણી બધી રીતે, આપણે એકસાથે, એક સંઘમ્‌ના રૂપમાં શીતઋતુના તહેવારો ઉજવીશું. આપણે એકસાથે આ વર્ષનું સમાપન કરીશું. અને એકસાથે નવા વર્ષનો આરંભ કરીશું.

જી હા — ૧ જાન્યુઆરી, ૨૦૧૯, મંગળવારે આપણે સિદ્ધયોગ વૈશ્વિક હૉલમાં 'મધુર સરપ્રાઇઝ' માટે એકત્રિત થઈશું. શ્રીગુરુ પાસેથી પ્રજ્ઞાન પ્રાપ્ત કરવા માટે જેમ સદીઓથી સાધકો કરે છે તેમ, આપણે પણ ભેગા થઈશું. એ પ્રજ્ઞાન જે આપણું ઉત્થાન કરે છે અને રૂપાંતરણ કરે છે, જે અજ્ઞાનતાના પડદાને હટાવીને આપણને એવી વાસ્તવિકતાનાં દર્શન કરાવે છે જે એ વાસ્તવિકતા કરતાં વધુ સાચી અને આનંદપૂર્ણ છે જેની આપણને આદત પડી ગઈ છે. આપણે બધાં કેટલાં સૌભાગ્યશાળી છીએ કે શ્રીગુરુમાઈ આપણને વર્ષ ૨૦૧૯નો સંદેશ પ્રદાન કરશે.

'મધુર સરપ્રાઇઝ' ૨૦૧૯ વિશે તેમજ સત્સંગની પૂર્વતૈયારી માટે વધુ માહિતી જલ્દીથી સિદ્ધયોગ પથ વેબસાઇટ પર ઉપલબ્ધ થશે.

***

હું આ પત્રનું અને આખા વર્ષ દરમ્યાન આપણી વચ્ચે થયેલાં આ અદ્‌ભુત પત્રવ્યવહારનું સમાપન એક પ્રસંગ કહીને કરીશ.

ગયા વર્ષે નવવર્ષની પૂર્વ સંધ્યાની, ૩૧ ડિસેમ્બર, ૨૦૧૭ની આ વાત છે. તે એક નવા આરંભ અને અંતનું મિલન હતું, એક સંધિકાળ હતો, એક ઉંબરો હતો, અનંતતાના આવર્તનોના બે ગોળાકારનો એ વળાંક હતો જેને અમે પૂર્ણ કરી ચૂક્યા હતા.

હું અને બીજા કેટલાંક સેવાકર્તાઓ સાયંકાલીન પૂજા માટે શ્રીગુરુમાઈની સાથે ભગવાન નિત્યાનંદના મંદિર તરફ જઈ રહ્યાં હતાં. ગુરુમાઈજી જ્યારે અનુગ્રહ બિલ્ડીંગની ઉપરની લૉબીમાંથી પસાર થઈ રહ્યાં હતાં ત્યારે અમે તેમને મળ્યાં હતાં. જ્યારે તેમણે અમને પૂછ્યું કે અમે ક્યાં જઈ રહ્યાં છીએ, તો અમે દરેકે ક્રમશઃ અને અત્યંત ઉત્સાહથી કહ્યું : ''ગુરુમાઈજી! તમે જ્યાંપણ જઈ રહ્યાં છો, ત્યાં.''

જ્યારે અમે પૅસેજમાંથી મંદિર તરફ જઈ રહ્યાં હતાં ત્યારે આકાશમાં અંધારું છવાઈ ગયું હતું, થોડાં સમય પહેલાં જ સૂર્યદેવતાએ રાતની રેશમી ચાદર ઓઢી લીધી હતી. આસપાસ નાની-નાની લાઇટ ઝગમગ કરી રહી હતી. દૂરની કોઈક જગ્યાએથી, કદાચ લૉબીની બીજી બાજુના એક રૂમમાંથી અમને જોરથી હાસ્ય સંભળાઈ રહ્યું હતું.

અમે શ્રીગુરુમાઈની પાછળ-પાછળ મંદિરમાં ગયાં. અમે એક પછી એક પૂજાની સામગ્રી આગળ લઈ આવ્યાં — અત્તર; કંકુ, ચંદનનો લેપ, હળદર અને અક્ષત તેમજ બહુ બધાં ગુલાબના ફૂલની પાંખડીઓ. મંદિરની અંદર મૌન છવાઈ ગયું હતું, તેમ છતાં તે મૌન સ્પંદિત થઈ રહ્યું હતું અને તેમાં એક મખમલી મૃદુલતા હતી. અમે મંત્રમુગ્ધ થઈને જોઈ રહ્યાં હતાં કે ગુરુમાઈજી બડે બાબાની પાદુકા પર વિભિન્ન અત્તર અને ચંદનનો લેપ લગાવી રહ્યાં હતાં, અને પછી તેમણે તેમનાં હાથમાં ગુલાબની ઘણી બધી પાંખડીઓ લીધી. તેમણે એ પાંખડીઓને ધીરે-ધીરે પાદુકા પર ચઢાવી, એવું લાગતું હતું જાણે એ ફૂલો, રંગોની અવિરત ધારા બનાવી રહ્યાં હોય.

એ દિવસે, થોડા સમય પહેલાં શ્રી નિલયમાં થયેલા એક સત્સંગમાં ગુરુમાઈજીએ કહ્યું હતું કે નામસંકીર્તન દરમ્યાન યુવા પુરુષો નૃત્ય કરે. પછી જ્યારે ગુરુમાઈજીએ એક સંગીતકારને પૂછ્યું (જે તે સમયે વાંસળી વગાડી રહ્યો હતો) કે શું તે બધાને નૃત્ય કરતા જોઈને તેને ઈર્ષ્યા થઈ હતી, તો તેણે જવાબ આપ્યો કે હા, સાચે જ તેને નૃત્ય કરવાની ઇચ્છા *થઈ હતી* — તેને નૃત્ય કરવું ખૂબ જ પસંદ હતું.

એ સાંજે મંદિરમાં ઉપસ્થિત સમૂહમાં આ સંગીતકાર પણ હતો. અને તેની ઇચ્છા, જે તેણે થોડાં જ કલાકો પહેલાં પોતાના શ્રીગુરુ સમક્ષ નિષ્ઠાપૂર્વક વ્યક્ત કરી હતી, તે હવે પૂરી થવાની હતી. ગુરુમાઈજીએ અમને નૃત્ય કરવા માટે કહ્યું.

ભૂપાલી રાગમાં 'ૐ નમો ભગવતે મુક્તાનંદાય'નું સંકીર્તન આખા મંદિરમાં વહેવા લાગ્યું. અમે બડે બાબાની મૂર્તિની ફરતે નૃત્ય કરવાનું શરૂ કર્યું ત્યારે એવું લાગતું હતું કે તેનું મધુર સંગીત અમારી ચારેબાજુ ઘૂમી રહ્યું હતું. પૂજા દરમ્યાન વાપરવામાં આવેલા ખસના અત્તરની સુગંધ વાતાવરણમાં ભળીને એને સુગંધિત બનાવી રહી હતી; તેની તીવ્ર, મનમોહક કરી દેતી સુગંધે અમને કોઈ અન્ય લોકમાં પહોંચાડી દીધાં, એક એવા લોકમાં જ્યાં મારા ખ્યાલથી કોઈપણ ભાવની અભિવ્યક્તિ મોટાભાગે સુગંધ દ્વારા કરવામાં આવતી હોય.

અને અમે નૃત્ય કર્યું. અમે ગુરુમાઈજીની સાથે, બડે બાબાની સામે, બાબાજીનું નામ ગાતાં-ગાતાં નૃત્ય કર્યું. કેટલાંક લોકો લાંબા, ધીમા ગોળાકારમાં ઘૂમી રહ્યાં હતાં, જાણે કે તે દરવેશનું ધ્યાન હોય. કેટલાંક લોકો દૃઢ, સ્થિર, એકાગ્રતાપૂર્વક પગલાં ભરી રહ્યાં હતાં, એવું લાગતું હતું કે તેમના પગ નીચેની જમીન તેમની ગતિને ઊર્જા અને દૃઢતા પ્રદાન કરી રહી હોય. અમારાંમાંથી કેટલાંકના હાથ હવામાં ઉપર લહેરાઈ રહ્યા હતા — ઉલ્લાસમાં, ભગવાન સાથે વાર્તાલાપ કરી રહ્યાં હતાં, એ ભગવાન જે સર્વત્ર છે અને તે સમયે સાક્ષાત ઉપસ્થિત હતાં.

જ્યારે ગુરુમાઈજી અમારી સાથે નૃત્ય કરી રહ્યાં હતાં, ત્યારે મેં ગુરુમાઈજી તરફ જોયું, તેમના સૌમ્ય સ્મિતને જોયું. અને એ ક્ષણે, જાણે કે મારા અંતરમાં કંઈક ખૂલી ગયું. અથવા — શું ખબર? કદાચ તે એટલા માટે થઈ રહ્યું હતું જેથી મારા અંતરમાં વધુ યથાર્થ, વધુ વિસ્તૃત સ્થાનમાં પ્રવેશ કરી શકાય. અમારામાંથી દરેક વ્યક્તિ, પોતાની રીતે નૃત્ય કરી રહી હતી, તેમ છતાં અમે સુસંગતતા સાથે નૃત્ય કરી રહ્યાં હતાં, અમે બધાં સંકીર્તનની ભવ્ય લહેરોમાં રહેલી કોઈક અલૌકિક શક્તિ સાથે એકલય થઈ ગયાં હતાં. અમે બધાં અમારી પોતાની રીતે ભગવાન સાથે વાર્તાલાપ કરી રહ્યાં હતાં, તેમ છતાં આવું અમે એકસાથે, સિદ્ધોની સંગતિમાં કરી રહ્યાં હતાં. આપણા પરમ પ્રિય ગુરુમાઈજીને કારણે જ અમને આ અનુભવ પ્રાપ્ત થઈ શક્યો. તેમણે અમને કૃપા અને પ્રજ્ઞાન પ્રદાન કર્યાં હતાં.

અમે સતત નૃત્ય કરી રહ્યાં હતાં, ખબર નહીં કેટલીવાર સુધી. રાત્રે એક સમયે અમે બધાંએ નૃત્ય કરવાનું બંધ કર્યું અને અમે બધાં પોત-પોતાના માર્ગે ચાલ્યાં ગયાં. પણ પછી મને વિચાર આવ્યો — શું અમે ખરેખર નૃત્ય કરવાનું બંધ કર્યું હતું? કે પછી દૂરના કોઈ નક્ષત્ર પર આ વ્યાપક બ્રહ્માંડમાં, માનવ હૃદયની કોઈ સુંદરતાથી પ્રકાશિત ગુહામાં હજીપણ એ નૃત્ય-સપ્તાહ ચાલી રહ્યો છે? શું તે અહીં પણ ચાલી રહ્યો છે? અત્યારે? તમારાં બધાંની સાથે?

આપણે સતત નૃત્ય કરી રહ્યાં છીએ. તમે, હું અને દરેક વ્યક્તિ એ પરમ સત્યની ખોજ કરી રહી છે, એ પરમ સત્ય જે સદૈવ આપણું છે, જેથી આપણે તેને જાણી લઈએ. આપણે સતત નૃત્ય કરતાં રહીશું — સત્સંગમાં, મહાપુરુષોની સંગતિમાં, અનંતતામાં.

આદર સહિત,

ઈશા સરદેસાઈ

---

[૧] જ્ઞાનેશ્વરી ૬:૨૩, અંગ્રેજી ભાષાંતર એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન દ્વારા.

© ૨૦૧૮ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.